શિક્ષણ સેવા સંરક્ષણ


બરછી કાર્યાલય C/o.ફાઈન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

એપ્રિલ-૨૫
જાન્યુઆરી-જૂલાઈ

વર્ષ : ૬૧ (છેલ્લું વર્ષ)

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫



## હાટકેશદાદા નિર્ગુણ માનસ પૂજા

મુજે પાતાળ ઊંડાણથી ઉભરી આવે
મોક્ષદાતા હાટક... હાટકેશ્વરદાદા
ગગન ગાજતું બ્રહ્માંડ નમણું નાચતું
હો કોટી કોટી વંદન હાટકેશદાદા
નયનોથી ભાવવિભોર અશ્રુ જળ વહે
એ થકી અભિષેકે તરબોળ હાટકેશદાદા
પ્રપંચ મોહ વાસના બાળી
આપને ભસ્મ કેરા લેપ હાટકેશદાદા
લોભ માયા કેરા ફણી ધરો ધરી
રાખો મુજને નિર્લેપ હાટકેશદાદા
ચૂંટેલા સત્ ચિત્ત આનંદ કેરાં
બીલીપત્રો ચઢાવું શીરે હાટકેશદાદા
સુવાસીત ચૈતન્યરૂપ સુમનો
ધરું આપના લિંગ સ્વરૂપે હાટકેશદાદા
મને ઓજસ અનેરા ઉભરી આવે
અજવાળી આરતી ઉતારું હાટકેશદાદા
આપના આશિષ હરિવર વરસાવો
કૃપા કેરાં આચમને જિંદગી ગુજારું હાટકેશ દાદા

- જસમીન દેસાઈ 'દર્પણ' રાજકોટ.

# સંબંધો - કાચના રમકડાં - તન્વી બુચ

સ્નેહને સીમા ન હો તો સાથ છૂટી જાય છે....મૈત્રી મર્યાદા મૂકી દે છે તો તૂટી જાય છે;

તું પીવામાં લાગણી દર્શાવે કિન્તુ હોશમાં કે વધુ ટકરાઈ પડતાં જામ ફૂટી જાય છે. -બેફામ

દરેક વસ્તુની ટેક્સીમાં હોય છે. એ સીમાને અનુસૂરવી ખૂબ જ જરૂરી હોય છે. જો એ સીમાનું પાલન કરવામાં આવે તો વિકાસ થઈ શકે, નહીંતર વિનાશ પણ થઈ શકે. સંબંધોને પણ આ જ વાત લાગુ પડે છે. સંબંધોની સીમા તો અતિશય નાજુક હોય છે, એટલે જ સંબંધો એ કાચનાં રમકડાં જેવા છે. કાચના રમકડાં થી રમવાની છૂટ હોય છે, પરંતુ તમે કેવી રીતે રમો છો તેના પર બધો આધાર છે. જો તે રમકડાં સાથે યોગ્ય રીતે નહીં રમવામાં આવે તો તે તૂટવાનો ચોક્કસ ભય રહેશે અને બીજું કે આ રમકડાં ને માટે એક નિયમ એ લાગુ પડે છે કે, આ રમકડાંને ફરીથી જોડી શકાતાં નથી. તે એક વખત તૂટી જાય પછી કદાચ આપણે તેને જોડવાનો પ્રયાસ કરીએ તો પણ તેમાં કાયમ માટે તિરાડ રહી જાય છે.

એક પ્રસંગ કથા છે, જેનું નામ છે 'બાનો ફોટોગ્રાફ'. એ કથામાં બા એ એક એવું વ્યક્તિત્વ છે કે જે હંમેશા ઘરમાં ઢસરડો કરે છે. બા આખો દિવસ પોતાનાં કામકાજ કર્યા કરે છે, પરંતુ આખી જિંદગીમાં કોઈ દીકરાએ બા પર ધ્યાન આપ્યું નહીં. બા હંમેશાં બધાની સંભાળ રાખતાં. આખરે એક દિવસ બા મરણ પથારીએ પડ્યાં, ત્યારે બાને તેમના દીકરાઓએ કહ્યું કે બા ચાલો તમારો ફોટો પડાવવાનો છે. કારણ એ હતું કે, દીકરાઓ બાના ફોટોગ્રાફને ભીંત પર લગાડવા માગતા હતા. અંતિમ સમયે એક સ્ટુડિયોમાં લઈ જવામાં આવ્યાં ત્યારે ફોટોગ્રાફર એ બાને સહેજ સ્મિત કરવાનું કહ્યું. બા રડી પડ્યાં. બાની આખી જિંદગીનો હૈયાનો બોજ આંસુ રૂપે વહી રહ્યો હતો. સંબંધોને નિભાવી શક્યા હતાં પરંતુ સંબંધોને જીવી શક્યાં ન હતાં.

માણસ એક સંવેદનશીલ જીવ છે, એટલે જો તમે તેની લગામ હાથમાં રાખીને તેને દોરવા માંગો તો તે દોરાઈ શકે નહીં. પશુની લગામ એ કદાચ લાકડી હોઈ શકે પરંતુ માણસ માટે તો પ્રેમનો તાંતણો જ હોઈ શકે. પ્રેમનો તાર કે જે હૃદયથી હૃદય સાથે જોડાય છે. કોઈ શેઠ, કોઈ શિક્ષક કે કોઈ પણ માતા પિતાને કોઈપણ વ્યક્તિ સાથે કોઈપણ પ્રકારનો સંબંધ હોય ત્યારે એ સંબંધમાં જીવ માત્ર પ્રેમથી જ પૂરી શકાય. સંબંધો જેટલા કાચ જેવા નાજુક હોય છે, તેટલા જ પારદર્શક હોય છે કે જેથી આરપાર બધું જોઈ શકાય છે. કોઈપણ શંકા નફરત કે ગેરસમજ સંબંધોના સરોવરને એક જ ક્ષણમાં સુકવી નાખે છે. લાગણીઓના દુષ્કાળને ચોમાસાની ઋતુ સુધી રાહ જોવાની પણ જરૂર હોતી નથી!

તાજેતરમાં એક વ્યક્તિ સાથે પણ કંઈક આવું જ બન્યું, એ વ્યક્તિ એક સરકારી કચેરીમાં મેનેજર હતા. તેમની બદલી થઈ અને નવી ઓફિસમાં જોડાયા. ઓફિસમાં પહેલે દિવસે તેમનો પ્રવેશ થતાં જ બધા હાથ નીચેના કર્મચારીઓએ ઊભા થઈને માન વ્યક્ત કર્યું. માત્ર એક જ વ્યક્તિ બેસી રહ્યો હતો. મેનેજરને તે વ્યક્તિ પર ખૂબ જ ગુસ્સો આવ્યો. તે પોતાનો રોષ ઠાલવવા જતા હતા, ત્યાં જ તેમની નજર ખુરશીની બાજુમાં પડેલી ઘોડી પર પડી. તે ભાઈ અપંગ હતા. મેનેજરને થયું કે જો આજે ગેરસમજને કારણે હું કંઈ પણ બોલી ગયો હોત તો હું જિંદગીભર મારી જાતને માફ કરી શકત નહીં. એક જ ક્ષણમાં કચકડા જેવા સંબંધોના ટુકડા થઈ જાત. કાચના ટુકડાઓને તો હજુ વીણી શકાય છે અને એ વીણતી વખતે પગમાં ઈજા થઈ શકે અને લોહીનું ખાબોચિયું થઈ શકે, પરંતુ સંબંધોના અદ્રશ્ય ટુકડાઓ તો હૃદયને જ ઇજા પહોંચાડે છે અને આંસુનો દરિયો વહી જાય છે.

# ડો. પલક પંડયાએ એમ.ડી.ની પદવી મેળવી

ડો. પલક (રાજકોટના ધીરેનભાઈ વિરેન્દ્રભાઈ અને ભાવનાબેન ધીરેનભાઈ પંડ્યાનાં પુત્રી) એ અમદાવાદ સ્થિત N H L મેડિકલ કોલેજ માંથી એમ.ડી.(પીડિયાટ્રીક) નો અભ્યાસ પૂર્ણ કરી માસ્ટર ડિગ્રી મેળવી છે. તેણીએ માધ્યમિક શિક્ષણ રાજકોટની ધોળકિયા સ્કૂલમાંથી મેળવ્યું હતું. ધોરણ 10 માં ગુજરાત બોર્ડમાં અવલ સ્થાન મેળવી ઉતીર્ણ થયા બાદ ધોરણ ૧૨ માં પણ ઉચ્ચ ગુણાંક સાથે સફળતા મેળવી, રાજકોટ ખાતે એમ.બી.બી.એસ. નો અભ્યાસ કર્યો. આ દરેક અભ્યાસ દરમિયાન સતત જૂહીબેન માંકડે સહાયક અને માર્ગદર્શક તરીકે અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તો એમ.ડી.ના અભ્યાસ દરમિયાન ડો. હલકબેન વસાવડાનું આવું જ બહુમૂલ્ય યોગદાન મળ્યું હતું.

અભિનંદન સાથે ઉજ્વળ ભવિષ્યની શુભકામનાઓ.

# ઋતમ્ વૈષ્ણવ : ફાઈનલ MBBSમાં જ્વલંત સફળતા

ચિ. ઋતમ્ વૈષ્ણવ કરમસદની ભાઈકાકા યુનિવર્સિટીની પ્રમુખસ્વામી મેડિકલ કોલેજમાં ફાઈનલ MBBS માં પ્રથમ વર્ગ ડિસ્ટિંગશન માર્કસ મેળવી ઉત્તીર્ણ થયા છે. ચિ. ઋતમ્ ડો.ભાલેન્દુ તથા ડો.સ્મૃતિ વૈષ્ણવના પુત્ર, પ્રો. સૂર્યકાંતભાઈ તથા તિલોતમાબેન વૈષ્ણવ (વલ્લભ વિદ્યાનગર) ના પૌત્ર, ડો. અરૂણભાઇ તથા પૂર્ણિમાબેન અંજારિયા (જામનગર) ના દોહિત્ર થાય છે. ડો. ઋતમને અભિનંદન સહ ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામના.

રાજકોટ : ડો. માર્મીક ઢેબર (સૌ. પરમેશ્વરી જીજ્ઞાષુભાઈ ઢેબરના પુત્ર) ઝાયડસ રિસર્ચ સેન્ટરમાં રિસર્ચ એસોસીએટ તરીકે અમદાવાદ ખાતે નિમણૂક મેળવી. ડો. માર્મીકે ગુરુ અંગદદેવ એનિમલ એન્ડ વેટરનરી સાયન્સ યુનિવર્સિટી, લુધિયાણા માંથી વેટરનરી ફાર્મેકોલોજી એન્ડ ટોકસીકોલોજીમાં રિસર્ચ-માસ્ટર ડિગ્રી મેળવી છે.

રાજકોટ: જૈનીક (સૌ. શ્વેતા ચંદ્રમૌલી છાયાના પુત્ર) પુના ખાતે ટાટા ટેકનોલોજી લીમીટેડમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ટ્રેઈની તરીકે નિમણૂંક પામ્યા. ચિ.જૈનીકે નરસી મોનજી યુનિવર્સિટી, હૈદરાબાદ ખાતેથી એમબીએ. ની ડીગ્રી મેળવી છે.

રાજકોટ નાગર બોર્ડીંગ હોલમાં જ્ઞાતિજનોના સારા માઠા પ્રસંગોમાં કે જ્ઞાતિ સંસ્થાઓના કાર્યક્રમ માટે ખુરશી માટે બહારથી કોઈ મંડપ સર્વિસ ઉપર આધારિત ન રહેવું પડે એ શુભ ઉદ્દેશથી આદ્ય શિક્ષણવિદ્ સ્વ.નાનાલાલ દલપતરામ ધોળકિયા પરિવાર (હસ્તે : દુષ્યંતભાઈ, રોહિતભાઈ ) તરફથી સરાહનીય અને પ્રેરક અનુદાન રૂપે ૧૦૦ નંગ ખુરશી ભેટ આપવામાં આવી. નાગર બોર્ડીંગની ઓફિસમાં સમયસર જાણ કરી, જ્ઞાતિજનો આ વિના મૂલ્ય સુવિધાનો લાભ લઈ શકે છે.

રાજકોટ : અંજારિયા પરિવાર દ્વારા તેમનાં પુત્રવધૂ સ્વ.ચાંદનીબેન હર્ષલ અંજારિયાની ગત માસમાં પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે એરપોર્ટ રોડ સાઇડ ચાલતી મીનુ સન્ડે સ્કૂલ નાં ૫૫ બાળકોને ડ્રોઈંગ બુક તથા કલરનું વિતરણ સાથે શ્રીખંડનું પણ વિતરણ કરવાનું પ્રેરક સત્કાર્ય કરવામાં આવ્યું.

અમદાવાદ : બોપલ નાગર મંડળ દ્વારા તા.૬/૪ના રોજ હાટકેશ્વર દાદાના પાટોત્સવની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી. આ વખતે સંપૂર્ણ સંચાલન બહેનોની જ બનેલી કારોબારીએ સંભાળ્યું હતું. શરૂઆત સમૂહ શિવસ્તુતિથી થયા બાદ ૭૫ વર્ષ ઉપરના વડીલોનું સન્માન અને ત્યાર પછી શ્રી યોગેશ પોટા દ્વારા મ્યુઝિકલ હાઉસીનો સહુએ આનંદ માણ્યો હતો. રામનવમી હોઈ ફરાળી અને સામાન્ય એમ બે થાળીના વિકલ્પ સાથે ભોજન પ્રસાદ લઈ સૌ છૂટા પડ્યા હતાં.

<u>સગપણ સગાઈ :</u>

પોરબંદરના જામનગર સ્થિત શ્રી રાજેન્દ્રભાઈ તથા શ્રીમતી રેખાબેન ઓઝાના પુત્ર કથનનું સગપણ જામનગર સ્થિત શ્રી હિરેનભાઈ તથા શ્રીમતી નિકેતાબેન માંકડના પુત્રી જૈની સાથે.

રાજકોટ સ્થિત અર્ચિતાબેન વિશ્વેશ વૈષ્ણવનાં પુત્રી મૌલીનું સગપણ અમદાવાદ સ્થિત શ્રીમતી ભૂમિબેન તથા શ્રી ધર્મેશ બુચના પુત્ર નિનાદ સાથે.

રાજકોટ : હાટકેશ્વર મહાદેવ પ્રાકટયોત્સવ નિમિતે તા. ૧૧/૪/૨૦૨૫ના પ્રતિ વર્ષ મુજબ શ્રી હાટકેશ્વર સંસ્થાના નેજા હેઠળ હાટકેશ દાદાની શોભાયાત્રાનું આયોજન થઈ ગયું.પંચનાથ મંદિર ખાતે પૂજન અર્ચન બાદ બેન્ડવાજાના તાલે હાટકેશ દાદાના વિવિધ જય ઘોષ સાથે શરૂ થયેલ શોભાયાત્રા જયુબીલી, પરા બજાર- રૈયા નાકા ટાવર, સોની બજાર થઈ હાટકેશ્વર મંદિર પહોંચી હતી. રસ્તામાં ઠેર ઠેર નગરજનોએ પૂજન દર્શનનો લાભ લીધો હતો. દર વર્ષ મુજબ પરા બજારમાં છીકણીવાળા તરફથી ઠંડા શરબતનો લાભ લઈ હાટકેશ્વર મંદિર પહોંચતાં ભાઈઓ બહેનો ઉમંગભેર ગરબે રમ્યા હતા, પાલખીના સ્વાગત બાદ સૌ આરતી પ્રસાદ અને વિશેષમાં પ્રત્યક્ષ મળવા હળવાનો લાભ લઈ વિખરાયા હતા.



પુરાની યાદે..મુ. જગદીશભાઈ બુચને ભાવાંજલી રૂપે.. ભૂતકાળની પાટોત્સવ શોભાયાત્રામાં જેડીના ખાસ સાથીદારો તથા અન્ય જ્ઞાતિજનો..

રાત્રે ૮થી ૧૦ નાગર બોર્ડિંગ ખાતે શ્રી હાટકેશ પાટોત્સવ સમિતિના બેનર હેઠળ સમુહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.આ વખતે ભોજનના વ્યક્તિદીઠ રૂ. ૨૫૦/- રાખવામાં આવ્યા હતા. ૫૦૦ જેટલી સંખ્યામાં સામેલ થયેલા જ્ઞાતિજનોએ શિખંડ પુરી ખાપોલીયા વડા સમેતના ભોજનનો આસ્વાદ માણ્યો હતો.




ગાંધીનગર : છેલ્લા ૫૩ વર્ષથી શ્રી વ. નાગરમંડળ દ્વારા હાટકેશ્વર જયંતિની ઉજવણી કરવામાં આવે છે.. જ્ઞાતિ ઐક્ય માટે અનોખા કાર્યક્રમ અને નવતર પ્રયોગો કરતા રહેતા ઉત્સાહી યુવા પ્રમુખ શ્રી પ્રહર અંજારિયા અને તેમની ઊર્જાવાન ટીમ દ્વારા આ વર્ષે પણ તા. ૧૩/૪ના રોજ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે સામૂહિક રુદ્રીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે હાજરી આપી મહાદેવ ના પૂજન અર્ચનનો લાભ લીધો હતો. તેઓની સાથે ગાંધીનગરના મેયર, ધારાસભ્ય તથા ભાવનગરના ધારાસભ્ય સહિતના અગ્રણીઓએ પણ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ અવસરે જ્ઞાતિ વતી શ્રી પ્રહરભાઈએ મુખ્યમંત્રી શ્રીને શાલ, હાટકેશ્વર દાદાની તસ્વીર અને સ્મૃતિ ચિન્હ આપી સન્માન કર્યું હતું. ત્યારબાદ બહોળી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનો સમૂહ ભોજનનો આનંદ લઈ વિખરાયા હતા.

rj.goswami007 6m

મોર્નિંગ મ્યુસિંગ્સ:

આ સાથે એક બહુ જાણીતો ક્વોટ છે: when you are happy you enjoy the music but when you are sad you understand the lyrics (તમે જ્યારે ખુશ હોવ ત્યારે સંગીતના સૂરને માણો, પરંતુ દુઃખી હોવ ત્યારે તેના શબ્દોને સમજો).

માનવ પ્રકૃતિની આ ખાસિયત સમજવા જેવી છે. વ્યક્તિ દુઃખી હોય ત્યારે તેને આનંદ આપતી પ્રવૃતિ શુષ્ક લાગવા માંડે છે. દાખલા તરીકે, કોઈ વ્યક્તિને ખાવાનો બહુ શોખ હોય તે દુઃખની પળોમાં તેનો આનંદ નથી લઇ શકતી. કોઈ વ્યક્તિને વાંચવાનું ગમતું હોય તે દુઃખમાં પુસ્તકથી દૂર રહે.

સંગીતમાં બે મુખ્ય તત્વો હોય છે; ધૂન અને શબ્દો. એક સામાન્ય વ્યક્તિ જ્યારે ગીત સાંભળે ત્યારે તેનું સંગીત તેના મૂડને ઉન્નત કરે છે, અને તેને મજા આવે. આપણે મૂડ પ્રમાણે ચીજો સાથે લગાવ મહેસુસ કરીએ છીએ. ખુશીની અવસ્થામાં આપણે "ભરેલા" મહેસૂસ કરીએ છે, એટલે આપણું મન સંગીત પર વધુ ધ્યાન આપે છે, જે હળવાશ મહેસૂસ કરાવે છે અને આપણા હકારાત્મક અહેસાસને ઔર મજબુત કરે છે.

દુઃખની સ્થિતિમાં આપણે ખાલીપો અનુભવીએ છીએ, એટલે આપણે આસપાસની ચીજોને વધુ ગહેરાઈથી જોઈને ખાલીપો ભરવા માટે પ્રયત્ન કરીએ છીએ. એમાં સંગીત નિષ્ફળ જાય છે, અને આપણે તેના શબ્દો પર ધ્યાન આપીએ છીએ, જે દુઃખના અનુભવને પુષ્ટિ આપે છે.

પાર્ટીમાં એટલા માટે સંગીત વધુ જોરથી વાગે છે કારણ કે તે ખુશીમાં ઉમેરો કરે છે. પરંતુ શોકસભામાં લોકો સંગીતને બદલે ભજન કે પ્રાર્થનાને સાંભળે છે. બીજી રીતે કહેવું હોય તો, સુખ આપણને સતહ પર રાખે છે, દુઃખ ગહેરાઈમાં લઇ જાય છે.

# તો અત્યારના પરિવારોને માટે શું કહીશું?? - લેખક - ભદ્રાયુ વછરાજાની

અત્યારના પરિવારો માટે કમનસીબે એવું કહેવું પડે કે આપણે 'પરિવાર' શબ્દ જ ગુમાવી દીધો છે. પરિવારો તૂટી ગયેલા પણ ન કહેવાય, પરિવાર હોય તો તૂટે ને?? અત્યારે પરિવાર છે ક્યાં, તે તૂટે! કારણ કે સંયુક્તમાંથી આપણે વિભક્ત થયાં. જુદા પડીને રહેવા લાગ્યા, એમાંથી આપણે કેન્દ્રીય બન્યા. એટલે સંયુક્તમાંથી વિભક્ત અને વિભક્તમાંથી વ્યક્તિ કેન્દ્રીય. જુદા પડ્યા પછી પત્ની એના રસ્તે, પતિ એના રસ્તે, બાળક એના રસ્તે. વધુમાં વધુ કમાવાનો અને જેની જરૂર નથી એવી બધી જ વસ્તુઓ ઘરમાં ઠાંસી દેવાનો સ્પર્ધાત્મક યુગ આવ્યો. વર્ષો પહેલાં એક વ્યાખ્યા વાંચી હતી કે, 'લક્ઝરી એટલે શું?' વ્યાખ્યા હતી કે, જેની મારા ઘરમાં જરૂર છે કે નહીં તેની મને ખબર નથી, પણ પાડોશીના ઘરમાં છે માટે મારા ઘરમાં આવવી જોઈએ એને લક્ઝરી કહેવાય. મારા ઘરમાં ત્રણ એ.સી. છે, શા માટે? ઉપયોગમાં તો એક જ રૂમ લેવાય છે, પણ 'કોઈક ગેસ્ટ આવે તો?' વર્ષમાં ત્રણ દિવસ તમારે ત્યાં મહેમાન આવે છે છતાં તમે એ.સી. લગાડ્યું?? એ વિકાસ કહીએ કે જે કહો તે. '...એવું નહીં રાખો તો કદાચ દોડીને કમાશો નહીં.' I do agree પણ વિચારવું પડે કે કમાણી કરવા માટે તમારે તમારા કુટુંબને છોડી દેવું પડે છે. તમે સવારે 7 વાગે નીકળો અને રાતે 9 વાગે આવો. સવારે જાવ ત્યારે તમારી દીકરી ઊઠી ન હોય અને રાત્રે આવો ત્યારે તમારી દીકરી સૂઈ ગઈ હોય!! બુધવારે જ્યારે ઇન્ડસ્ટ્રીમાં રજા હોય ત્યારે બાપ દીકરીનું મોઢું જોતો હોય. આવી જે ટેન્શનવાળી સ્થિતિ ઊભી થઇ છે એમાંથી આપણા કુટુંબો જ તૂટી ગયા છે.

આપણી પાસે ઈલેક્ટ્રોનિક ગેઝેટ આવ્યા, એટલે પતિ-પત્ની બેઠાં હોય તો પતિ પોતાના મોબાઈલમાં હોય, પત્ની પોતાના મોબાઈલમાં હોય, દીકરો કે દીકરી નાના હોય તો બિચારા લાચાર થઈને જોતાં હોય, એ લાચાર ન રહે એટલે મમ્મી એના હાથમાં પણ મોબાઈલ પકડાવી દે કે, 'હાલ બેટા, તું પણ અમારી ભેગો જલસા કર!!' આ આજના પરિવારો છે. જરૂરતને સીમિત રીતે અગ્રતા યાદી બનાવીને તમારા ઘરમાં વસાવો અને એટલા પૂરતું તમે કમાવાની મહેનત કરો. આવતી કાલની પણ ચિંતા નહીં કરો એવું નહીં, ભવિષ્યની ચિંતા માત્ર નહીં, પણ સ્ટ્રેટેજિક પ્લાનિંગ જરૂર કરો, પણ આપણે બેન્ક બેલેન્સ વધારવું છે, મ્યુચ્યુઅલ ફંડમાં પૈસા રોકવા છે, ખૂબ બધી લક્ઝરી વસાવવી છે, નથી જરૂર એવી ગાડીઓ લેવી છે પછી ભલે પરિવારને આપવાના સ્નેહની બાદબાકી થઇ જાય!! થાય છે એવું કે, બધું વસે છે પણ પાછળ ફરિયાદ રહી જાય છે. આપણે કોઈને સમય આપી શકતા નથી. પરિણામે ઘરમાં પરિવાર નથી વસતો અને વસ્તુઓ જ વસે છે!!

આજે તો પરિવાર એટલે ઘરના સભ્યો કરતાં પણ પતિના મિત્રો અને પત્નીની બહેનપણીઓ અને એ સૌના પરિવાર અથવા તો સોશિયલ ગ્રૂપ્સ કે જેના મિલન કે કોઈ કાર્યક્રમ હોય ત્યારે બનીઠનીને જવાનું અને કૃતિમ હસી-મજાક કરવાના. અંતે તીખું તમતમતું અર્ધી રાત્રે જમીને ઘરે આવવાનું!! પછી શું થાય? 'બધીએ મજાઓ હતી રાતે રાતે, ને સંતાપ એનો સવારે સવારે'! રજા પડી નથી ને ગાડીને ચાવી મારી બહાર ઊપડ્યા નથી!! જ્યાં જથ્થાબંધ માણસોનું કીડિયારું ઊભરાયું હોય ત્યાં જઈ મગજમાં ઉત્પાત ભરવાનો? કે કોઈ હોટલના એ.સી. રૂમમાં ભરાઈને પડ્યા રહેવાનું !! શનિ-રવિ જરા મોકળાશ મળે ત્યારે બહાર લાઈનમાં ઊભા રહીને પણ જમવાનું!! ઘરમાં રહીએ તો કુટુંબ જેવું કે પરિવાર જેવું લાગે ને?

શનિ-રવિ તો કુટુંબમાં સાથે રહેવાના, સ્નેહ અને હૂંફ આપી એકબીજાને કામમાં મદદ કરી સેતુ બાંધવાના, પાડોશીની સાથે મૈત્રી કેળવવાના, સંતાનો સાથે ઘરના બગીચામાં સાફસૂફી કરવાના, સાથે મળીને કુટુંબ માટે આગામી દિવસોનું પ્લાનિંગ કરવાના દિવસો છે. સાથે રહી રિલેક્સ થવા માટેના દિવસો છે. દોડાભાગી તો રોજ હોય જ છે ને? મહિનામાં બે કે ત્રણ વખત જ્યારે દીકરા-દીકરીને મન થાય ત્યારે ઘરે દાદા-દાદી કે નાના-નાનીને રહેવા લાવવાના અને તેમની સાથે બેસી તેમની વાતો સાંભળવાના દિવસો હોય છે ક્યાંય આજના પરિવારોમાં?? 'હોવા જોઈએ' એવું સૌ સ્વીકારે છે પણ એવું થતું નથી કારણ આપણે અકારણ અતિ-વ્યસ્ત થઇ ગયાં છીએ. **(પ્રશ્ન વિશેષ–દિ.ભા.રસરંગ પૂર્તિ માંથી સાભાર)**

## અનંતના યાત્રીઓને શ્રદ્ધાંજલી :

શ્રી જગદીશભાઈ દિલીપરાય (જે. ડી.) બુચનું રાજકોટ ખાતે દેહાવસાન થયું. થોડા વર્ષ પહેલાં ચારેક દાયકા સુધી અંતિમ સંસ્કારની કપરી વિરલ સેવાઓ આપતી રામ સમિતિના મોભી સભ્ય હતા. જોકે તેઓએ આ સેવા અન્ય પાસે ન લેતાં દેહદાનનું ઉમદા કાર્ય કરી ગયા. તેઓએ શ્રી નાગર યુવક મંડળ તથા શ્રી હાટકેશ્વર સંસ્થામાં પણ ટ્રસ્ટી તરીકે સક્રિય સેવાઓ આપી હતી. હાટકેશ્વરમાં લઘુરુદ્ર, હોમ હવન તેમજ હોબી સેન્ટરમાં સમૂહ નવરાત્રી સ્થાપન જેવા આયોજનમાં હરહંમેશ માર્ગદર્શક રહ્યા. જગદીશભાઈ એક સારા નાટ્ય કલાકાર હતા. આકાશવાણી, જ્ઞાતિ તથા અન્ય સંસ્થાઓ દ્વારા સામાજિક અને હાસ્ય નાટકોમાં વિવિધ પાત્રો ભજવી ઉત્કૃષ્ટ અભિનય કલા દર્શાવી હતી. સદ્ગતના આત્માને શાંતિ પ્રાર્થના સાથે શ્રદ્ધા સુમન.

રાજકોટ : પરેશ હરેમુરારીભાઈ વછરાજાની (ઉ.વ.૬૧) માયાબેન રોહિતભાઈ છાયા ( નિવૃત એ. જી. ઓફિસ) (ઉ.વ.૭૭) તરલિકાબેન કનકભાઇ આચાર્ય- તુષારભાઈ વિપિનભાઈ માંકડ (નિવૃત SBI)ચંદ્રિકા હરીશભાઈ છાયા, દેવીબેન ગીરધરલાલ બક્ષી (નિવૃત એ જી ઓફિસ) અમદાવાદ : ગં. સ્વ. ભ્રગુમતીબેન નરેન્દ્રભાઈ વસાવડા (ઉ.વ. ૯૬) હર્ષદભાઈ બુચ (ઉ.વ. ૭૫) જૂનાગઢ : ગં. સ્વ. રોહીણીબેન ગીરીશચંદ્ર વસાવડા (ઉ.વ. ૮૯) પ્રતિક જનાર્દન વસાવડા -ગં. સ્વ. હંસાબેન વિપિનચંદ્ર છાયા (ઉ.વ. ૮૨) મૌલેશભાઈ નિરંજનરાય કીકાણી (ઉ.વ. ૬૪) જયપ્રકાશભાઇ વિનાયકરાય ઘોડા (ઉ.વ. ૭૮) - ડૉ. કાશ્મીરાબેન કનકરાય બુચ - ગં. સ્વ. રોહીણીબેન ગીરીશચંદ્ર વસાવડા (ઉ.વ.૮૯) મીનાક્ષીબેન કદંબલાલ કચ્છી,પ્રકાશભાઈ સન્મુખરાય બુચ જામનગર : ભાવનાબેન પરિમલભાઈ વોરા (ઉ.વ.૬૭) પ્રવિણાબેન બીપીનભાઈ હાથી સુભાષભાઈ માનશંકર રાણા-દિવ્યાબેન સનતકુમાર માંકડ (ઉ.વ.૮૭) વલ્લભવિદ્યાનગર : કોકિલાબેન દિવ્યકાંત મહેતા (ઉ.વ. ૮૮) - શ્રી અશોકભાઈ બી. ભટ ભુજ : યતીનભાઈ જયસુખલાલ હાથી, ડૉ. મનસુખભાઈ હરિલાલ અંતાણી (ઉ. વ.૯૪)

## આરોગ્ય ગંગા : મકાઈ :

મકાઈનો લીલો ચેવડો બને છે. તેના ડોડા શેકી ને લીંબુ મરચું મીઠું નાખી ખવાય, તેના ઢોકળા, વડા, ભજીયા પણ બને. ઘઉં કરતાં તે વધુ પૌષ્ટિક છે. મકાઈ માંથી દૂધપાક, ફ્રૂટ સલાડમાં નાખવાનો કસ્ટાર્ડ પાવડર બને છે. તેના દાણા ભુંજી ધાણી બને છે જે પોપ કોર્ન કહેવાય છે. મકાઈના રોટલા માં તેલ ઘી ની જરૂર પડતી નથી તેથી ગરીબોનો મુખ્ય આહાર છે. તે પચવામાં બહુ જ ભારે છે તેથી શ્રમ કરનારાઓ, આદિવાસીઓનો મુખ્ય આહાર છે. પાકી કરતાં કાચી મકાઈ વધુ ગુણકારી છે, નબળા,બેઠાડું જીવન વાળા તથા નબળા પાચન વાળા ને તે વાયુ કરતી હોવાથી ના ખાવી. મકાઈ ઉપયોગી પણ છે..(૧) પેશાબ સાફ લાવવા (૨) પથરી કાઢવામાં (૩) ઉલટી બંધ કરવા (૪) કિડનીનો સોજો મટાડવામાં.

ડો. રાજન કે. હાથી, વડોદરા.

## હાઈકુ

પ્રગટ્યા બીજ
ઈચ્છા તણાં મૂળિયાં
ગત ભવનાં

સપના ભીનાં
આભને આંબી ગયા
તરસ્યા રહ્યા

મારુ કોણ છે ?
થાક્યો હું ગોતી ગોતી
મળ્યો મુજને

પ્રશ્ન પ્રગટે
શરણાગત થયા
ઉત્તર ઉગ્યા

ઘટમાળ છે
રાતને શું? સૂર્ય તો
ઉગે આથમે

ઉમરને શું ?
હાથ ઝાલ્યો વિલંબે
કોઈએ જયારે

પારખી પ્રીતિ
રાધેશ્યામ નિમિત્તે
કસોટી ખરી

તૃષાતુરતા
જીવન ઘૂંટ ભર્યા
મૃત્યુ પર્યન્ત

મુજ ખેવના
ઉત્તમોત્તમ રચું
પ્રેરણા તારી

ખેંચી લાવે છે
મન, મીત સમીપે
છતાં દૂર છું

આ માણસ છે
સ્વાર્થતાનું પૂતળું
અહં ગૂંચળું

સ્વપ્ન ખર્યા
અનંતના પ્રવાસી
સુપ્રભાતમ

ચિરંતન પટ્ટણી "પ્રાર્થક"
મો. : ૯૧૦૬૯ ૫૫૭૧૮

# રાજવૈદ્ય બાવાભાઈ અચળજી

- અરવિંદ મ. ધોળકિયા - એમ.એ. (કકબ એપ્રિલ-૧૯૫૬-પુનઃ)

પુરાણ કહે છે કે સૌરાષ્ટ્રના સમુદ્રે ભગવાન ધનવંતરીની ભેટ ભારતને ધરી છે. તે જ રીતે પર રાજ્યોના અમલ દરમિયાન આયુર્વેદ પર છવાયેલા અંધકારને દૂર કરી ભારતના આયુર્વેદની યશ પતાકા લહેરાવવાનું માન વૈદરાજ શ્રી બાવાભાઈ (ઉર્ફે વિજયશંકર) અચળજી વૈદ્યરાજ ઝંડુ ભટ્ટજી, શ્રી કતા ભટ્ટજી વગેરે વૈદ્ય મહાત્માઓને ફાળે જાય છે.

સૌરાષ્ટ્રનું જામનગર મુખ્ય તીર્થધામ દ્વારિકા જવાના માર્ગમાં હોય ભારતભરના વિદ્વાન બ્રાહ્મણો, સાધુઓ ત્યાં લાંબો વખત વસતા અને એ રીતે જામનગર ઉચ્ચ અભ્યાસનું તીર્થ બન્યું. પવિત્ર મંદિરો અને શાસ્ત્રનું અભ્યાસસ્થાન હોઈ ને લોકો જામનગર ને 'છોટી કાશી' તરીકે બિરદાવતા. આ જામનગરમાં ૧૮૮૦ માં રાજવૈદ્ય બાવાભાઈ નો જન્મ થયો ૨૩ વર્ષની ઉંમર સુધી અભ્યાસ કર્યો. વૈદરાજ ઝંડુ ભટ્ટજીના પિતાશ્રી વિઠ્ઠલ ભટજી જેવો જામ સાહેબના રાજવય જ હતા તેમની પાસે બાબાભાઈએ તથા ઝંડુ ભટ્ટે અભ્યાસ કર્યો. અભ્યાસ કાળ દરમિયાન બંનેની પ્રીતિ ખૂબ વધી અને પરસ્પર સહોદર ભાઈ જેવો સ્નેહ રાખતા. એક ગુરુના શિષ્યોમાં આવો ભાતૃ ભાવ જુના કાળમાં ઘણીવાર જોવામાં આવતો. વિદ્યાભ્યાસ પૂર્ણ થયા બાદ બાવાભાઈએ થોડા જ વર્ષોમાં મહાન રસાયણશાસ્ત્રી તરીકે દેશભરના વિદ્વાનોમાં પ્રતિષ્ઠા મેળવી તેમજ સૌરાષ્ટ્રના ઘણા રાજ્યો તેમજ કચ્છ અને ઉદયપુરના રાજ્ય વૈદ્ય તરીકેનું સ્થાન શોભાવ્યું. નાગર વૈદ્ય તરીકે પોતાની કીર્તિ જમાવી ખૂબ યશ અને ધન પ્રાપ્ત કર્યાં.

સંવત ૧૯૦૮ માં બંને રાજ્યોએ સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. રસ-રસાયણ ઔષધીઓ, ભસ્મો વગેરેનો જ ઉપયોગ કરતા હોવાથી રાજ વૈદ્ય બાવાભાઈએ દર્દીઓ પર ખૂબ જ ચમત્કારિક અસર કરી.જામનગર જેવાં શહેરમાં બે વૈદ્યો સ્વતંત્ર રીતે ધંધો વિકસાવી ન શકે તેથી બાવાભાઈએ રાજકોટમાં 'રુદ્રપ્રસાદ' નામનું નિવાસસ્થાન તૈયાર કરી રાજકોટ વસવાટ કર્યો. રાજકોટના રાજ માતાને બાવાભાઈએ સાજાં કર્યાં એટલે તેમને રહેવા માટે વિશાળ જમીન ઠાકોર સાહેબે આપેલી. રાજકોટના વસવાટ દરમિયાન અનેક રાજ્યો સાથે વૈદરાજ સંપર્કમાં આવ્યા અને આગળ કહ્યું તેમ રાજસ્થાન- કચ્છ-ગુજરાત સુધી તેમની ખ્યાતિ પ્રસરી ગઈ.આયુર્વેદના જ્ઞાન ઉપરાંત વૈદરાજ પોતાની ઉદારતા, ધર્મપ્રિયતા અને બટુકભૈરવની એમની ઉપાસના માટે પણ વંદનીય છે.

ઝંડુ ભટ્ટજી પાસે બાવાભાઈ એક લાખ સાઠ હજાર કોરી માગતા કારણ ઝંડુ ભટજીને તેઓએ અવારનવાર આપત્તિ સમયે આર્થિક સહાય આપેલી, પરંતુ તે સર્વે દેવું માફ કરી દીધું હતું. બાવાભાઈએ પોતાના મેતાજીને કહી રાખેલું કે જ્યારે જ્યારે ભટ્ટજીની ચિઠ્ઠી આવે ત્યારે પૂછવા રાહ ન જોતા. કોરી ગણી આપવી. કરજ પેટે ભટ્ટજી થોડી થોડી રકમ બાવાભાઈને આપતા, પરંતુ "તારે હજુ ખેંચ છે, શું કામ ઉતાવળ કરે છે?" એમ કહી તેઓ તે રકમ પાછી વાળતા. આ પ્રમાણે સ્વજન ગણેલ ઝંડુ ભટ્ટજીને પોતાના જીવન સુધી ખૂબ સહાય કરેલી. વૈદ્યરાજ બાવાભાઈ પોતાના યશસ્વી જીવનકાળ દરમિયાન લાખો રૂપિયા કમાયા અને તેને વ્યય પણ કેટલો સુંદર!.. અસંખ્ય યજ્ઞ યાગ અને ધાર્મિક કાર્યો દ્વારા અનેક બ્રાહ્મણો અને વિદ્વાનોને દાન આપ્યાં. સાધુ સંતો તો તેમના ઘરેથી પાછા ગયાનો એક પણ દાખલો સાંપડતો નથી.

rj.goswami007 મોર્નિંગ મ્યુસિંગ્સ:
સુખી રહેવું હોય તો માણસે તેના કામને ગંભીરતાથી લેવું, પોતાની જાતને નહીં. બહુ બધા લોકો તેમના કામના નામે ખુદને મહત્વ આપતા હોય છે; "મારા જેવું કોઈ ના કરે" અથવા "હું ના હોત તો આ ના થયું હોત." એમાંથી જ દુઃખ પણ આવતું હોય છે, કારણ આપણે એવી અપેક્ષા રાખતા થઈએ છીએ કે બીજા લોકો પણ આપણને એટલું જ મહત્વ આપે. હકીકત એ છે કે આપણે આ વિશાળ દુનિયામાં તુચ્છ છીએ અને આપણું મહત્વ એટલું જ છે જેટલું આપણું કામ ઉપયોગી હોય છે.
આપણે જ્યારે ખુદને ગંભીરતાથી લેવાનું ચાલુ કરીએ ત્યારે આપણે "બીજા લોકો શું વિચારતા હશે"ની ચિંતા કરવા લાગીએ છીએ અને એમાંથી "પરફેક્ટ" થવાનું દબાણ ઊભું થાય છે. આપણે ભૂલ કરવાથી ડરીએ છીએ, નવો અનુભવ કરવાથી કે નવી સંભાવનાઓથી દૂર રહીએ છીએ. તેના બદલે કામને, ફરજને ગંભીરતાથી લેવી જોઈએ. જેનો અર્થ એ થાય છે કે આપણા વિચારો અને લાગણીઓને બાજુએ મૂકીને, આપણે જે કામ કરવાનું છે તેને પુરી ઈમાનદારી અને નિષ્ઠાથી નિભાવવું જોઈએ.
એટલા માટે કામ બને એટલું શ્રેષ્ઠ કરીને ભૂલી જવું જોઈએ કે આપણે કર્યું છે. "જમણો હાથ શું કરે છે તે ડાબા હાથને ખબર ના હોય" તે આને કહેવાય. ઓજસ પાલનપુરીના શેર જેવું જીવન જીવવું જોઈએ:
મારી હસ્તી મારી પાછળ એ રીતે વિસરાઈ ગઈ,
આંગળી જળમાંથી નીકળી ને જગા પુરાઈ ગઈ.

સાહિત્ય અને સંગીત તરફની તેમની ઉચ્ચ અભિરુચિને લીધે અનેક કલાકારો- કવિઓ વગેરે તેમના આશ્રય મેળવી પોતાની કલા અંજલી પૂ. વૈદ્યરાજને આપી ગયા છે.

શ્રી બાવાભાઈને વૈદક શાસ્ત્ર, રસાયનશાસ્ત્ર તેમજ તેના અંતર્ગત અંગ -ઉપાંગનો ઉદ્ધાર કરવા અને ઋષિમુનિઓ પ્રણિત તત્વોને વિશ્વ સામે સિદ્ધ કરવાની તેમજ ધર્મ અને શાસ્ત્રનો ઉદ્ધાર કરવાની તીવ્ર અભિલાષા હતી, પરંતુ જુદા જુદા રાજ્યોમાં જવું પડતું હોવાથી આ કાર્ય સિદ્ધ થતું ન હતું એટલે એક જ જગ્યા પર સ્થિર રહી શકાય તે માટે તેમણે જામનગરમાં 'અગ્નિહોત્ર' લીધું અને આજીવન અગ્નિ નારાયણનું પૂજન કર્યું. વડનગરા નાગર જ્ઞાતિમાં અગ્નિહોત્રી લેનાર વૈદ્યરાજ બાવાભાઈ પ્રથમ હતા.

આયુર્વેદના ઉદ્ધાર માટે તેમણે વડોદરાના સયાજીરાવ ગાયકવાડને યોજના આપેલી પરંતુ કાઠીયાવાડના રાજવીઓને એમ થયું કે આયુર્વેદની સંસ્થા સૌરાષ્ટ્રમાં જ થાય તે ઇચ્છવા યોગ્ય છે એટલે રાજકોટમાં જ દેશવ્યાપી રસશાળા સ્થાપવાની નક્કી કરેલ પરંતુ ઈશ્વર ઈચ્છા જુદી જ હશે, કે તે સ્વપ્ન, કાર્યમાં પરિણમે તે પહેલાં તો વૈદ્યરાજ બાવાભાઈનો સ્વર્ગવાસ થયો એટલે આયુર્વેદના ઉદ્ધાર માટે કેટલાંય વર્ષો પહેલા વિચારનાર આ મહાત્માઓ આજે આયુર્વેદનું નામ પુનઃ ગાજતું થાય છે, ત્યારે જરૂર આનંદ અનુભવતા હશે. વૈદ્યરાજ બાવાભાઈએ 'રસરત્ન મણીમાલા' નામનો સંસ્કૃતમાં મોટો રસગ્રંથ તેમજ પાંચથી છ નાના એવા ગ્રંથો લખ્યા છે. હસ્તલિખિત ગ્રંથોનો સંગ્રહ કર્યો અને આયુર્વેદ અને તંત્ર ગ્રંથના સંશોધન કર્યાં.

વૈદ્યરાજના જીવનમાં મહત્વનો ભાગ ભજવનાર એક મહાન વ્યક્તિ સ્વામી શ્રી પૂર્ણાનંદ-ઉર્ફે ટોકરા સ્વામીને ભૂલી શકાય નહીં. જામનગરમાં પધારેલા આ પ્રખર વેદાન્તાચાર્ય અને શિવભક્ત પાસે અનેક વિદ્વાનો અભ્યાસ કરતા પરંતુ બાવાભાઈ અને ઝંડુ ભટ્ટજી પર સ્વામીજીની કૃપાદ્રષ્ટિ હતી અને બાવાભાઈને તો જામ સાહેબના રાજ્યવૈદ્ય તરીકે રખાવી દીધા હતા. મહાન ચમત્કારિક મહાત્મા ટોપરાનંદજીની કૃપા પ્રસાદિથી બાવાભાઈએ ખૂબ જ ખ્યાતિ પ્રાપ્ત કરી હતી.

આ રીતે ભારતભરમાં આયુર્વેદની કીર્તિ પતાકા લહેરાવનાર ઉદાર દિલ, ધર્મ પ્રેમી, રરેસાચાર્ય રાજ વૈદ્ય બાવાભાઈને સંવત ૧૯૪૯માં કચ્છના મહારાવ શ્રી ખેંગારજીએ ચિકિત્સા માટે બોલાવેલા પરંતુ કચ્છમાં જ જેઠ સુદ તેરસને દિવસે શંકરના એ પરમ ભક્તે કૈલાસ વાસ કર્યો. તેમના સ્વર્ગવાસથી તત્કાલીન રાજા મહારાજાઓ, આયુર્વેદ પ્રેમીઓ, કવિઓ, કલાકારો અને ગુણીજનોએ સદ્ગત રાજ વૈદ્યશ્રીને શોકાયુક્ત અંજલીઓ અર્પી હતી.

રાજ વૈદ્ય બાવાભાઈના સુપુત્રો એ પણ ભારતમાં ખૂબ જ ખ્યાતિ પ્રાપ્ત કરી છે. તેમના પુત્રો પૈકી સ્વ. રાજવૈદ્ય અંબાશંકરભાઈ સ્વ. રાજવૈદ્ય ગીરીજાશંકર સ્વ. રાજવૈદ્ય ફૂલ શંકરભાઈ અનુક્રમે ધ્રાંગધ્રા, પાલીતાણા તથા ઉદયપુરના રાજ વૈદ્ય હતા. એટલું જ નહીં પણ રાજ્ય કુટુંબના અંગત સલાહકાર પણ હતા. જ્યારે સ્વ. વિશ્વનાથભાઈ સ્વ. વૈદ્ય રાજ બાલાશંકરભાઈ, સ્વ. મણિશંકરભાઈ તથા સ્વ. વિદ્વાન વૈદરાજ શિવજીભાઈએ પોતાના જ્ઞાન અને પ્રતિભા વડે આયુર્વેદની જ ઉપાસના કરી પરમ પૂજ્ય પિતાશ્રી બાવાભાઈનું નામ અમર કર્યું છે. તે ઉપરાંત પૂ. વૈદ્યરાજશ્રીનીજ કૃપાદ્રષ્ટિથી તૈયાર થયેલ તેમના ભત્રીજા રાજ વૈદ્ય મલ્લભભાઈએ પણ પોતાના કુટુંબની કીર્તિ જુદાં જુદાં અનેક રાજ્યોમાં પ્રસારી છે. તેમના પૌત્રો ને પ્રપોત્રો પણ હાલમાં એ જ વ્યવસાયમાં ખૂબ જ પ્રગતિ સાધી ચૂક્યા છે. આ રીતે રાજ્ય વૈદ્ય બાવાભાઈનું આખું કુટુંબ વિદ્યા-ધર્મ-સંગીત- સાહિત્ય સંપન્ન છે, એ તેમની પરમ તપશ્ચર્યાનું જ પરિણામ છે.

# ભ્રષ્ટાચાર સંહિતા - હાસ્ય લેખક : મહેશ ધોળકિયા

(૧૯૯૫ માં પ્રકાશિત 'હાસ્યમેવ જ યતે' પુસ્તકમાંથી)

'અથોતો' એ વચન ભારતીય દર્શનની બહુમૂલ્ય પરંપરામાં પ્રવેશ દ્વારને શોભે છે. એનો રહસ્ય સંકેત કંઈક આવો છે: (અન્ય તમામ બાબતો ખતમ) હવે તો- હવે જ્ઞાન જિજ્ઞાસા-હવે ભક્તિ જિજ્ઞાસા વગેરે

બીજા બધા જ અનુભવો નિરર્થક જાણ્યા- પ્રમાણ્યા, એનાથી ચિત્ત મુક્ત થયું એટલે હવે તો આ નવા પરિમાણ તરફ ચેતનાએ પ્રયાણ.....પણ એ દિવસો તો ગયા ગયા; એ દિવ્ય લોકો; શસ્ત્ર કટાયા, તેમ શાસ્ત્રોએ વિસરાયા; આજે તો સિકલ-સુરત બદલી (કે બગડી) ગઈ ભારતની ઠામુકી સિલક થઈ સફાચટ; એટલે તો આજે આથાતો ભ્રષ્ટાચાર સંહિતા !

આજે ભારત એક બાબત ના એક જૂટ અને અખંડ રાષ્ટ્ર તરીકે વિખ્યાત છે જ-ભ્રષ્ટાચાર ની બાબતમાં! ગાંધીજી પછી નહેરુ સરદાર શાસ્ત્રી જયપ્રકાશ જેવા લોકપ્રેમી નેતા સિવાયના બધા જ રાજકારણીઓ દેશને એક સુત્રે સાંકળવામાં એક સરખા નિષ્ફળ ગયા છે; ને સફળ થયા છે પ્રજાની અંદર વહેતી સાંસ્કૃતિક ધોરણે છિન્ન ભિન્ન કરવામાં- એવો આક્ષેપ આપણે ભલે કરીએ; છતાં એટલું તો કહેવું જ પડશે, મીરાંબાઈની આ પંક્તિને સહારે- 'કાચે રે તાંતણે હરિજી એ બાંધી' એ દેશ આખા ને ' પાકી રે ખાંપણે અરિજીએ બાંધ્યો !'

અને તેના ફળસ્વરૂપે ફાલેલા ભ્રષ્ટાચારની બાબતમાં રાષ્ટ્રભરમાં કોઈ ભેદભાવ નથી, ભાવભેદ નથી, કોઈ મતભેદ નથી! લાંબા (થઈને સૂતેલા) અને ઊંચા (લટકાઈ ગયેલા) દેશમાં ભાષા, વેશ, જાત અને રીતભાતનું જે પારાવાર વૈવિધ્ય વર્તાય છે, તેની વચ્ચે ભ્રષ્ટાચાર એક સરખો પરોવાયો છે ને દેશ ભેરવાયો છે. પંડિત નહેરુની ભાવનાનું કેવું અનોખું મૂર્તિકરણ !

પંડિતજીએ આઝાદી બાદ નેતા ગણની બણ બણ જોઈને આચાર સંહિતાની આવશ્યકતા પ્રમાણેલી. વાત એવી છે કે, આઝાદી પૂર્વે આપણી પાસે 'વિચાર' હતો. આઝાદી ટાણે એમાંથી 'આચાર' પ્રગટ્યો, પરંતુ આઝાદી આવી ગયા પછી એ બંનેનો 'આચાર' (અથાણું) કરીને નેતાઓ જમતા (જમડા) થયા તેને અજીર્ણ ન નડે એ માટેના નિયમો તે આચાર સંહિતા ! આઝાદી પછી આ દેશમાં (શા માટે) જન્મેલા યુવાનોને સૌ પહેલાં તો આચારસંહિતાનો ખ્યાલ આપવો જરૂરી છે. જેમ ગાંધીજીનો પરિચય એમના દટાઈ ગયેલા વિચારો પરની ધૂળ ખંખેરીને આપવો પડે તેમ છે. કેમકે- ગાંધીના મૂળમાંથી ગાંધીના ફૂલ અહીં

ગાંધી નામ -આંધી- એ ખીલવા દીધા છે કહી?

ગાંધી તો રાજકાજમાં એ શિસ્તાચાર અને શિષ્ટાચારનો જીવતો જાગતો નમૂનો; તો ગાંધીજી પા-છળ હાલના રહો એ તો સત્તામાં જ ભાળ્યો બધો આચાર, ને બાળ્યો બાકીનો શિષ્ટાચાર- એ હકીકત તો આચાર સંહિતાના વિચાર માત્રથી પુરવાર થઈ ગઈ. અર્થ એ થયો કે, આચારસંહિતા એવા 'કોડ ઓફ કન્ડકટ' કહેવાય જે ગટર ઉભરાય પછી ઢાંકણ ઢાંકવા મથે છે! આ છે તેની વ્યાખ્યા-

જાહેર જીવનમાં પડેલા (ખરેખર તો કોઈને પાડીને ચડેલા) માણસો(!) એ ખાનગી જી-વનને માલામાલ બનાવતાં જાળવવાની લક્ષ્મણ (રક્ષણ) રેખા તે આચાર સંહિતા!

નમુના: ધનાઢ્ય ઉદ્યોગપતિઓ અને પેઢીઓ સાથે સીધા સંબંધ ન રાખવા.

મળેલી સત્તાનો તદ્દન અંગત હેઠમાં ઉપયોગ ન કરવો.

પ્રદેશ, જાતિ કે જૂથ પ્રત્યે પક્ષપાત ન બતાવવો.

વ્યક્તિગત સંપત્તિ જાહેર કરી પ્રતિમા સ્વચ્છ રાખવી વગેરે.

પરંતુ ભારતીય જાહેર જીવનની (ખાનગી) ગતિ એટલે તેજ છે કે જોતજોતામાં આખીને આખી આચાર સંહિતા 'આઉટ

ઓફ દેશ' એવં ટોટલી ડેડ થઈ ગઈ -કાલ ગ્રસ્ત! એટલે સુધી કે આચાર સંહિતાનો હાલ તો ક્યાંય ઉલ્લેખ સરખોય થતો સંભળાતો નથી. એમ માનવા જેટલું મૂરખ તો હજી દેશમાં કોઈ નથી કે, સંહિતા સિદ્ધ થઈ ગઈ! સમજાય એમ છે કે, આપણા આચાર સંહિતા ની ફ્રેમ ફાડીને પાર નીકળી ગયા છે!

એથી સ્તો -

અથા તો ભ્રષ્ટાચાર સંહિતા!

'તમે બેન, સુપરવિઝન બરાબર કરી શકશો? પરીક્ષાના નિરીક્ષણ માટે અરજી કરનાર એક નાજુકડા મહિલાને મેં પૂછ્યું.

'ચોક્કસ, હું બરાબર ધ્યાન રાખીશ.'

'તમારી મુખ્ય ફરજ શું છે તે સમજો છો?'

'બરાબર ખબર છે. મારી ભાણી આ પરીક્ષામાં-'

'શાબાશ ! વાલી તરીકે તમારી જાગૃતિ પ્રશંસા પાત્ર ગણાય. તે ચોરી નથી કરતી તેની પ્રત્યક્ષ તકેદારી રાખવા-'

'એની મદદ કરવા હું આ તકલીફ લઉં છું.'

આ દ્રષ્ટાંત એટલા માટે કે આજે ભ્રષ્ટાચાર, પહેલાંની જેમ માત્ર નેતાલોકનાં શિખરો પૂરતો સીમિત નથી; ત્યાંથી હવે તો એ લોકસમસ્તના મેદાનોમાં શતસહસ્ત્ર ધારાઓ રૂપે ધસમસે છે. સ્વરોજગારીની યોજના નીચે બેકરોને લોન મળવાની હતી. અધિકારી મારો મિત્ર હતો. બસોક જેટલી અરજીના થપ્પામાંથી તેણે ૧૦ જુદી તારવી-' આટલે ને લોન મળશે.'

'ક્યા ધોરણ અનુસાર તમે એને માત્ર ઠરાવ્યા? મેં પૂછ્યું.

'રૂપિયા પાંચસો ઢીલા કરી શકે તેવા એ છે, માટે.'

'આ તો ગેરરીતિ! આ તો અન્યાય, શોષણ!

'તને આમાં સમજ નહીં પડે. મારું પ્રત્યેક કૃત્ય સરકારના હિતમાં હોય છે. જેનો હું પગાર (પણ) ખાઉં છું. લોનના હપ્તા ભરવાની તેમની શક્તિનું આ છે પારખું. અને બધા અરજદારો ધમધોકાર કમાતા વેપારીના કે માલદાર ખેડૂતના બચ્ચા છે. ભોળો ના બન!

આ દ્રષ્ટાંત ભ્રષ્ટાચારની એક વિલક્ષણ તસવીર પ્રકાશિત કરે છે. ભ્રષ્ટાચાર શુદ્ધાચારની સમજમાં એવી તો ભેળસેળ થઈ ગઈ છે કાંકરા ના રંગ રૂપ અદલ ઘઉં જેવા કે કરવું શું?

આ સંહિતાનો હેતુ પહેલાં સ્પષ્ટ સમજી લઈએ. ભ્રષ્ટાચાર નિવારણ. બસ એ એક જ મંત્ર યાદ રહે. ભ્રષ્ટાચાર નિવારણ એટલે ભ્રષ્ટાચાર શબ્દને જાકારો. એ શબ્દ ન જોઈએ, આપણને. હવે એ જૂનો થયો છે, ઘસાઈ ગયો છે. અર્થરિક્ત બની ગયો છે અને તેથી જ તેને વિશે ઘણી અર્ધ સમજ, અણ સમજ અને ગેરસમજ વ્યાપી છે. ભાષા પરનો આવો અત્યાચાર કોઈ પણ રાષ્ટ્રપ્રેમીએ સાંખી લેવો ન જોઈએ અને વીરત્વથી એનો વિરોધ કરી ભાષાનું સમાજમાં ગૌરવ કરવું જોઈએ!

આથી અમે સગૌરવ નીચે પ્રમાણે ભ્રષ્ટાચાર સંહિતા રચીને આ મહાન ઝુંબેશના શ્રી ગણેશ માંડીએ છીએ.

ઇતિહાસ ! ગવાહ રહેજે!

૧. સંપૂર્ણપણે અને સર્વાનુમતે પુરવાર ન થાય ત્યાં સુધી ગમે તેવા કૃત્યને ભ્રષ્ટાચાર એ નામાભિધાન ન આપવું.

(પરિણામે આપોઆપ થયો ને ભ્રષ્ટાચાર બંધ? શો પ્રબંધ!)

૨. એ વર્જ્ય શબ્દની અવેજીમાં વિવિધ વાંધાજનક ભાસતા વ્યવહારો માટે નીચેની (અષ્ટંપષ્ટં) સ્પષ્ટ પછીનો ઉપયોગ કરવો અશુભાગાચાર, અશિષ્ટાચાર, અશુદ્ધાચાર, અમાન્યાચાર, અસ્વીકૃતાચાર, અધમાચાર, અનૈતિકાચાર અને બહુ બહુ તો

પાપાચાર. દાખલા તરીકે પગાર કરતા અનેક ગણી ટ્યુશન જેવી આવક કરવી તે અસુભગાચાર, ધાક ધમકી કે પ્રલોભન થી એવાં નાણાં ખંખેરવા તે અશુદ્ધાચાર.

(આપણું આયકર ખાતું જુઓ છો ને, લાખોની લેણી રકમવાળાની યાદી પ્રસિદ્ધ કરી ને કેવો સંતોષ માને છે? અશુદ્ધાચાર માનીને તેને શુદ્ધ બનાવવાના કેવા ઉદાર પ્રયોગ!)

એમ આગળ વધતા વધતા દાણચોરો, માફિયા સમ્રાટો, સરકારને ખરીદી લે એવા પૂંજીપતિઓ અને વિદેશી પેઢીઓ સાથેના સોદાઓમાં કટકી ખાતા પર-ધાનો માટે પણ ભ્રષ્ટાચારને બદલે 'પાપાચાર' એવો અંતિમ શબ્દ પ્રયોજવો, જેની સજા કરવાની જવાબદારી જાય ખુદાને ખાતે, તે ય આવતા ભવે!

૩. આ વિવિધાચારીઓ એ પોતાની પ્રવૃત્તિ એવી સિફતથી કરવી, જેથી છાપ આગળના સોપાનમાં હોવાની ઊઠે પ્રજા ન રૂઠે!

એક નમૂનારૂપ દાખલો લઈ અને ભ્રષ્ટાચાર સંહિતા સમાપ્ત કરવી પડશે કેમકે, નહિતર તો-

'હરિ અનંત, હરિ વ્યથા અનંતા!'

સરકારી તિજોરીમાંથી જેને પગાર થવાનો છે, એવી જગ્યા પર ભરતી કરતી વખતે અડધો લાખ ખંખેરાય એ તો હવે સર્વસામાન્યાચાર અને સર્વવ્યાપતાચાર ગણાય પરંતુ સામેવાળા બિચારા ગરીબ ગરજુ પર દયાભાવ રાખી રકમ હપ્તે ચૂકવવાની સગવડ કરી આપવાનો વિચાર થવો ઘટે, આ (અ)વ્યવસ્થા લાંબી ટકે!

નિમ્નાચાર ઉચ્ચાશયોની ભાષા બોલવા લાગે છે, ત્યારે શિષ્ટાચાર મૂક બની અજ્ઞાતવાસ સ્વીકારી લે છે, એવી એક વસમી સદીના ભારતના પ્રવેશની જાહેરાત સાથે કરીએ-

ઈતિ (અશક્ય) ભ્રષ્ટાચાર સંહિતા!

---

## કૃતિકા : પ્રબળ ઇચ્છાશક્તિનું શ્રેષ્ઠ ઉદાહરણ

મારી સોસાયટીમાં દાખલ થતાં જ એક ફ્લેટ છે, જેને વર્ષોથી ડોક્ટરને ભાડે આપીએ છીએ.અગાઉ પણ બે ડોક્ટરોએ ખૂબ સરસ રીતે દવાખાનું ચલાવ્યું, જેમાં બંને મહિલા ડોક્ટરનો સમાવેશ થાય છે.

મહિલા ડોક્ટરો વિશે લખતાં અત્યારે પણ હું વિશેષ આનંદ અનુભવું છું. ડો.કૃતિકા બાલ્યાવસ્થામાં જ એક બિમારીમાં પોતાની આંખો ગુમાવી ચૂક્યા છે, પરંતુ પોતાની પ્રબળ ઇચ્છાશક્તિ અને આંતરિક સૂઝબૂઝથી પોતાના અંત: ચક્ષુ દ્વારા અનેક દર્દીઓને સાજા કરવા માટે ખૂબ પ્રયત્નશીલ રહે છે. તેમના દર્દીઓમાં ફિલ્મી કલાકારો, રાજકારણીઓ પણ ખરા.બધાની એકસમાન વિચારધારાથી તેઓ સારવાર કરે છે.મને બે-ત્રણ દર્દીઓ પાસેથી તેમની પારંગતતા વિશે ઘણું જાણવા મળ્યું છે. બહુ ઓછાં સમયમાં તેઓ દર્દીઓને સાજા કરી શકે છે.

ડોક્ટર કૃતિકા ત્રીજા ધોરણમાં અભ્યાસ કરતા હતા, ત્યારે તેમની ઓપ્ટિકલ નસમાં મુશ્કેલી થતાં, કમનસીબે તેમની આંખોમાંથી કાયમ માટે રોશની ચાલી ગઈ. પણ ડોક્ટર કૃતિકા એમ ક્યાં સહેલાઈથી હાર માને એવા હતા? તેમણે તો અંત: ચક્ષુના માધ્યમથી એકાગ્રતા અને સખત પરિશ્રમનો મહામંત્ર અપનાવી લીધો. તેમને તો ડોક્ટરની ડીગ્રી મેળવવાની તત્પરતા હતી.નેત્રહીન હોવાના કારણે તેઓ માનવશરીરને જોઈ ન શકતા પણ હાથ મોજા પણ પહેર્યા વિના મૃત શરીરના વિવિધ અંગોને સ્પર્શ કરી એનું જ્ઞાન મેળવતા ગયા. માત્ર ૨૫ વર્ષની વયે કૃતિકાએ મુંબઈની નામાંકિત કે. ઈ. એમ. હોસ્પિટલમાંથી ફિઝીયોથેરાપીસ્ટની ડીગ્રી પ્રાપ્ત કરી. આ ઉપરાંત મહારાષ્ટ્ર સ્ટેટ કાઉન્સિલ ફોર ઓક્યુપેશનલ થેરાપી અને ફિઝીયોથેરાપી નું પ્રમાણપત્ર મેળવ્યું.

આમ, એકાગ્રતા, નિષ્ઠાપૂર્વકના પરિશ્રમ, પ્રબળ ઇચ્છાશક્તિ થકી અને શારીરિક ક્ષતિ છતાં ધાર્યું પરિણામ મેળવી શકાય છે, એનું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ છે, ડો. કૃતિકા.

- નિખિલ પંડ્યા, વિક્રોલી - મુંબઈ

હાટકેશ્વર જયંતિ અનુલક્ષીને..

## "નાગર" એટલે ગર મુક્ત અને નિત નૂતન વિચારધારાનું રુડું રુપાળું વ્યક્તિત્વ!

ચૈત્ર સુદ ચૌદસને હાટકેશ્વર જયંતિ તરીકે ઉજવવામાં આવે છે. હાટકેશ્વર એ શિવનું જ એક સ્વરૂપ છે, અને આપણા ઇષ્ટદેવ છે, તો તે નિમિત્તે હાટકેશ્વર દાદાના ચરણોમાં સમસ્ત નાત તરફથી કોટી કોટી વંદન, અને નાગરો ને વિચારવાન બનાવી સદા ગર એટલે કે વેરઝેર ઝેર મુક્ત રાખવા માર્ગદર્શન કરતા રહે એવી એક પ્રાર્થના.

પુજ્ય બાપુએ તો માનસ નાગર પર એક કથા પણ કરી હતી, બહુ વિસ્તૃત અર્થમાં નાગર એટલે નિત્ય નૂતન વિચારધારાનો પ્રતીક તરીકે નવાજ્યા હતા.આ રીતે નાગર એટલે બૌદ્ધિક, પણ બૌદ્ધિકતાની સાથે સાથે ગર મુક્ત હોવું પણ જરૂરી છે, અને જે આજે કદાચ હવે કાળની અસરને કારણે દરેક નાગરનું સંભવ નથી. હાટકેશ્વરનું મુખ્ય મંદિર વડનગરમાં આવેલું છે, અને બાકી તો જ્યાં જ્યાં નાગરો વસ્યા છે, ત્યાં બધે જ હવે હાટકેશ્વરના મંદિરની સ્થાપના થયેલ છે. નાગર એટલે આમ તો જે નગરમાં વસે છે તે,અને જે શિક્ષિત છે. જે ગુજરાતમાં વિક્રમ સંવતની ત્રીજી સદીથી વસેલી છે, તેઓ હાટકેશ્વરની સ્થાપના પહેલાં કોઈ મંદિર વગેરેમાં જતાં એવું જાણવા મળ્યું નથી, તેઓ વૈદિક પૂજા જ સ્વીકારતા હતા. ગુજરાતના સામાજિક આર્થિક વિકાસમાં તેમની બુદ્ધિ પ્રતિભાઓનું ખૂબ જ મોટું યોગદાન છે. નાગરોની બુદ્ધિ પ્રતિભા અત્યંત તેજસ્વી રહી, અને તેઓને સમાજે સદા વિચારવાન પ્રજા તરીકે બિરદાવ્યા છે. એ રીતે પોતાની બૌદ્ધિક વિશેષતાને કારણે તેઓ રાજા-મહારાજાઓના દિવાન પદ શોભાવતા હતા, તેમજ સમાજના મોભાદાર હોદ્દાઓ પર નાગરોનું અધિપત્ય હતું. રાજા પોતાના રાજ વહીવટ માટે ૭૦ થી ૮૦ ટકા દિવાન પર આધારિત રહેતા. અતિ સૂક્ષ્મ અને છતાં સમાજના શુભનું સંચાલન આ નાગરો કરતા હતા. પરંતુ પદ પ્રતિષ્ઠાનો પણ અહંકાર બહુ ભારે પડે, એમ નાગરી નાતનું એક માફ ન કરી શકાય એવું પાસું પણ ઈતિહાસના પાને લખાયેલું છે, અને એ છે નાગર નરસિંહને નાત દ્વારા એના સમયમાં સતાવવામાં આવ્યા હતા તે. આપણે જ્યારે તેને બિરદાવવાની વાત કરતા હોય, ત્યારે આપણા સમાજની ભૂલને અંધારામાં રાખી શકાય નહીં. પરંતુ જે વિતી ગઈ એ પળ હરિ ઈચ્છા બલવાન સમજીને સ્વીકારવી પડે છે. નરસિંહના વંશજ તરીકે ઓળખાતા આ નાગરોના હાટકેશ્વરનો પાટોત્સવ એટલે કે જન્મ જયંતીનો દિવસ.



નાગરોનો ઇતિહાસ પણ જુદી-જુદી માન્યતાઓ ધરાવે છે, કોઈ કહે છે કે ઉત્તર ભારતમાંથી એટલે કે કાશ્મીર બાજુથી આવેલા છે, જ્યારે કોઈ ગ્રીક અને દ્રવીડ સંસ્કૃતિ ધરાવતી પ્રજા તરીકે નાગરને બતાવવામાં આવે છે. આજથી સાડા છ હજાર વર્ષ પૂર્વે સૌથી પહેલો સંસ્કૃત ભાષામાં પારંગત માનવ, નાગર તરીકે બતાવવામાં આવેલો છે. તુલસીકૃત રામાયણમાં પણ નાગર શબ્દનો પ્રયોગ બે ત્રણ વાર થયો છે. હાટકેશ્વર જયંતિ એટલે ઇષ્ટદેવ હાટકેશ્વરનો સ્થાપના દિન. આમ તો ભગવાન આશુતોષ મહાદેવ શંભુ અજન્મા છે, એટલે તેના જન્મનું કોઈ કારણ પુરાણમાં પણ મળતું નથી. પરંતુ લિંગ રૂપે તેની વડનગરમાં સ્થાપનાના દિવસને પાટોત્સવ તરીકે ઉજવવામાં આવે છે, અને તેથી આપણે ત્યાં વડનગરા, વિસનગરા, પ્રશ્નોરા,સાઠોદરા, ડુંગરપુરા, ચિત્રોડા, કૃષ્નમોરા, એવી રીતે સાત પ્રકારનાં નાગરો આ દિવસે પોતાના ઈષ્ટદેવ હાટકેશ્વરનો પાટોત્સવ મનાવે છે. આજે પણ હાટકેશ્વર જયંતિ નિમિત્તે દરેક શહેરોમાં જ્યાં જ્યાં હાટકેશ્વરનું મંદિર હોય ત્યાં પાટોત્સવ ઊજવવામાં આવે છે. સવારે વિધિવત રીતે ભગવાનની પાલખી યાત્રા નીકળે, અને સાંજે નાત જમણ થાય છે.

સ્કંદપુરાણના નાગર ખંડમાં ઉલ્લેખ થયા મુજબ હાટકેશ્વરની સ્થાપના વડનગરમાં રહેતા ચિત્રગુપ્ત નામના નાગરે કરી હતી. કહેવાય છે કે દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં સતી એ પોતાની જાતને હોમી દીધી હતી, અને ભગવાન શંકર અત્યંત ક્રોધાયમાન અવસ્થામાં સતીના શબને પોતાનાં ખભા પર લઈને આમથી તેમ ફરતા હતા, અને પૃથ્વી પર હાહાકાર મચાવ્યો હતો અને શંકરની દિગંબર અવસ્થાથી સમાજ પરેશાન હતો.તે સમયની જે ઋષિ પત્નીઓ તેની ભોળા ભાવે ભક્તિ કરતી હતી,તેને આમ  ફરતા જોઈને ઋષિઓ સંકોચ અનુભવતા હતા, એટલે બ્રહ્માજીએ શંકરનાં લીંગને પાતાળમાં સ્થાપી દીધું,શંકરને ભાન આવતાં તે શરમીંદા થઈને સમાધિમાં ચાલ્યા ગયા, બાદમાં સતી હિમાચલ રાજને ઘેર પુત્રી તરીકે જન્મી ચુક્યાં છે,એ વાત સપ્તર્ષિ એ તેમને કરી. સત્તરમી સદીમાં ચિત્રગુપ્ત નામના નાગરે ભગવાન ભોળાનાથની ખૂબ જ આકરી તપશ્ચર્યા કરી, અને ભગવાન તેને પ્રસન્ન થયા, એટલે તેમણે કહ્યું કે તું "હાટક" એટલે કે સોનાનું લિંગ બનાવી અને મારી સ્થાપના કર તો હું અવશ્ય તેમાં પ્રત્યક્ષરૂપે બિરાજમાન થઈશ. હાટક એટલે સોનાથી મઢેલા લિંગની સ્થાપના કરી, અને એ દિવસે ભગવાન આશુતોષ મહાદેવ તેમાં હાજરા હજૂર પ્રગટ થયા, એ દિવસ એટલે ચૈત્ર સુદ ચૌદસ અને એ દિવસથી નાગરોના ઈષ્ટદેવ તરીકે હાટકેશ્વર ને પૂજવામાં આવે છે, અને એ દિવસે તેનો પાટોત્સવ મનાવવામાં આવે છે.

વડનગરનું હાટકેશ્વરનું મંદિર આશરે ૧૭ મી સદીના ઉત્તરાર્ધમાં બંધાયેલું હતું, એટલે કે ૧૮૦૦ થી ૨૦૦૦ વર્ષ જૂનું છે અને કહેવાય છે નાગરાજ હરિરામ નાઇકનુ ત્યારે શાસન હતું, અને તેના દ્વારા મંદિરની રચના કરવામાં આવી હતી. વડનગરના હાટકેશ્વર મંદિરનું સ્થાપત્ય અને કલા કોતરણી પણ અદભૂત છે, જોનારને મંત્રમુગ્ધ કરી દે એ રીતે નવગ્રહ,અને હિન્દૂ દેવી દેવતાઓંની મૂર્તિ, સંગીતકારો, નૃત્ય કરતી અપ્સરાઓ, રામાયણ અને મહાભારતના પ્રેરક પ્રસંગોના શિલ્પ, તેમજ પ્રાણીઓ અને પક્ષીઓની મૂર્તિઓ કંડારવામાં આવી છે. પુરાતન વિભાગ દ્વારા સિદ્ધ થયેલ હેરિટેજ સ્થાપત્યમાં વડનગરના હાટકેશ્વર મંદિર તેમજ ત્યાંની વાવનો પણ સમાવેશ કરવામાં આવે છે.આ ઉપરાંત મંદિરના પટાંગણમાં મુખ્ય મંદિર સિવાયના અન્ય મંદિરો પણ છે, જેમાં કાશી વિશ્વનાથનું મંદિર વધુ પૌરાણિક છે. આ ઉપરાંત દાનેશ્વર, રવેશ્વર, તારકેશ્વર, મુક્તેશ્વર ચમકેશ્વર,પાતાળેશ્વર,જાકેશ્વર, પંચનાથમહાદેવ અને અંબાજીના મંદિર વિદ્યમાન છે. તો "નાગરો" કે જે હવે માત્ર નગરમાં રહે છે,પણ ગર મુક્તની ઉપમા ભૂલતા જાય છે, ત્યારે આ છે આપણા ઇષ્ટદેવ હાટકેશ્વરનો મહિમાવંત ઈતિહાસ.

ગરમુક્ત રહીએ અને ઇષ્ટદેવના આશિષ મેળવીએ તેવી અભ્યર્થના સાથે..

- ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

---

**rj.goswami007** મોર્નિંગ મ્યુસિંગ્સ (રવિવાર સ્પેશિયલ):
રાષ્ટ્રીય સ્તરની વોલીબોલ ખેલાડી, ૨૪ વર્ષની અરુણિમા સિન્હાને ચોરોએ ચાલતી ટ્રેનમાંથી ફેંકી દીધી હતી. આ અકસ્માતમાં તેનો ડાબો પગ અને કારકિર્દી બંને કપાઈ ગયાં. પરંતુ અરુણિમા ત્યાંથી ના અટકી. તેણે આપઘાતનો પ્રયાસ કર્યો હતો તેવા બદનામી ભર્યા આરોપ વચ્ચે, બે વર્ષ સુધી પર્વતારોહરણની તાલીમ લીધી અને પછી માઉન્ટ એવરેસ્ટ સર કરનાર પ્રથમ અપંગ મહિલા બનીને દુનિયાને બતાવી દીધું કે તે કોણ છે અને કેવી છે. તે કહે છે, "હું કશું આસાન કરી શકી હોત, પણ મારે આત્મ વિશ્વાસ પાછો મેળવવો હતો, મારે મારી કમજોરીને તાકાતમાં બદલવી હતી."
એવરેસ્ટે તેને તેની મર્યાદામાંથી કાઢીને અમર્યાદ સાથે જોડી હતી.
પર્વતોનું ટ્રેકિંગ જીવન બદલી નાખે છે. એ ઊંચાઈ પર, એ દુર્ગમ વાતવરણમાં તમને ખબર પડે છે કે અસલમાં જીવન કેવું છે. ટ્રેકિંગમાં આપણે પર્વત સર નથી કરતા, ખુદને સર કરીએ છીએ. લોકો કેમ ટ્રેકિંગ કરે છે? જાણવા જેવું છે:
- એ તમને નિર્ભય બનાવે છે
- એ તમને પ્રકૃત્તિ સાથે જોડે છે
- એ તમને સાચા અર્થમાં આધ્યાત્મિક બનાવે છે
- એ તમને ક્ષણમાં જીવતાં શિખવાડે છે
- એ શરીરની અને મનની સફાઈ કરે છે
- એ તમને તકલીફોનો સામનો કરતાં શિખવાડે છે
- એ શરીર અને મનને ફિટ બનાવે છે
- એ તમને ધીરજ અને દ્રઢતા શિખવાડે છે
- એ તમને સીમિત જીવનમાંથી અસીમ જીવનમાં લઇ જાય છે
- એ તમને ક્યાંક પહોંચવાનો નહીં, યાત્રાનો આનંદ આપે છે.

"I realised that I had to do something in my life so that people would stop looking at me with pity."
-Arunima Sinha, Born Again on the Mountain

# કોઈ કોઈનું નથી રે...કોઈ કોઈનું નથી

આપણા સમાજમાં એવું તો શું થયું છે, કે લોહીના સંબંધો, પરિવારો અને સ્નેહીઓની હૂંફ અદ્રશ્ય થતાં જાય છે. સંતાનોના મનમાં શું પૂર્વગ્રહ પેદા થયા હશે કે મા બાપના અંતિમ સંસ્કારની જવાબદારીથી પણ વિમુખ થવામાં તેઓ દિલની ધડકન ચૂકી જતાં નથી? કોઈએ સાચું જ કહ્યું છે કે, "બહુ મતલબી છે દુનિયા સાહેબ, તમને નહીં તમારો સમય જોઈને તમને બોલાવે છે."

એક બાજુ દેશમાં વડીલ નાગરિકોની સંખ્યા સતત અને ઝડપથી વધી રહી છે, બીજી બાજુ તેના બુઢાપા પરની તકલીફો ના સમયે તેમની કાળજી કરવા સંતાનો તૈયાર નથી. વૃદ્ધોને બીમારી થવી, સંતુલન ગુમાવવું, ચાલવા બેસવામાં મુશ્કેલીના સમયે તે કોઈનો આધાર ઈચ્છે તો તે મળતો નથી. આવા સમયે તે વડીલોની મનોદશા કેવી થતી હશે! આપણી આજની યુવા પેઢીને એ પંક્તિઓ વાંચવામાં નહીં આવી હોય, પીપળ પાન ખરતાં હસતી કૂંપળીઓ, અમવિતિ તુજ વીતશે, ધીરી બાપડીયા" યુવા પેઢીને પોતાની ભાવિ આપત્તિનો ખ્યાલ નથી કે ચિંતા જ નથી તે નક્કી કરવું મુશ્કેલ છે. પણ એક વાત નિશ્ચિત છે કે વૃદ્ધો માટે પાછલી જિંદગીમાં કોઈનો ભરોસો રાખવો શક્ય નથી.

વિધિની વિચિત્રતા તો જુઓ? એક કરોડાધિપતિ વડીલે પોતાની બધી જ સંપત્તિ દીકરા દીકરીને આપી દીધી અને પાછલી જિંદગીમાં કોઈએ દરકાર કરી નહીં, માટે વૃદ્ધાશ્રમનો આશરો લેવો પડ્યો. જ્યારે તેમની પરિસ્થિતિ ખૂબ જ ગંભીર હતી અને અંતિમ ઘડી આવી અને વૃદ્ધાશ્રમમાં જ અંતિમ શ્વાસ લીધા. વૃદ્ધાશ્રમ ના સંચાલકોએ વડીલના દીકરાને જાણ કરી તો દીકરાએ આવવાની ના પાડી કે તેમને સમય નથી માટે અંતિમ સંસ્કાર તમો કરી નાખો. દીકરીને ફોન કરતા તેમણે પણ ફોન કાપી નાખ્યો. માણસની સ્વાર્થ વૃત્તિની પણ મર્યાદા હોય છે, કરોડોની સંપત્તિના સંતાનોને આપી પરંતુ તેઓના પિતાશ્રીના અગ્નિસંસ્કાર માટેની ફરજ એક સામાજિક કાર્યકર્તાએ બજાવી હતી.

આપણા દેશની આઝાદી સમયે સંયુક્ત પરિવારની સંખ્યા ખૂબ જ મોટી હતી. બે ત્રણ પેઢીના સભ્યો સાથે રહેતા હતા. પિતરાઈ ભાઈઓ સાથે ૨૦ થી ૩૦ પરિવારના સભ્યો સાથે રહી બધા એક જ રસોડે જમી શકતા હતા. વાર તહેવારે કુટુંબ મેળો પણ થાય અને બેન દીકરીઓને બોલાવીને ખાસ ભેટ રોકડ રકમ વગેરે આપવામાં આવતું.

હાલની પરિસ્થિતિમાં વિભક્ત કુટુંબ પ્રથા અને ફક્ત એક કે બે સંતાનો હોવાથી અગાઉના સંબંધો ખતમ થઈ રહ્યા છે અને આજની નવી પેઢીને હવે કુટુંબના જુના સભ્યો કાકા -મામા -ફઈ વગેરેની કંઈ પણ માહિતી નથી અને જાણવાની કોઈને દરકાર પણ નથી. વિદેશમાં રહેતા કુટુંબના સભ્યોમાં પણ આત્મીયતા લાગણી જોવા મળે નહીં. કમનસીબે સમયના પરિવર્તન સાથે જે સ્થિતિ નિર્માણ થઈ છે તેમાં પરિવારો છીન છીન્ન ભિન્ન થઈ રહ્યાં છે. લોહીના સંબંધનું મહત્વ ખતમ થઈ રહ્યું છે. વડીલોની અપેક્ષા અને તેઓને બોજારૂપ ગણીને વૃદ્ધાશ્રમમાં મોકલી આપવા વડીલની મૂડી મિલકતનો કબજો કરી લેવો વડીલોની સારવાર પ્રત્યે દુર્લક્ષ રાખવું વગેરે અનેક ચિંતાજનક બાબતો છે. વૃદ્ધો પાસે મૂડી હોય પેન્શનની પણ સારી આવક હોય પરંતુ શારીરિક રીતે અકજ થાય ત્યારે, સગા સંબંધીઓની નજર વડીલ કરતાં પણ વડીલની મૂડી પર વધારે હોય છે. આજના વડીલોએ તેમની યુવાનીમાં

આર્થિક રીતે સંકડામણનો અનુભવ કર્યો હોય છે પરંતુ નિયમિત કરકસર વાળું સાદું જીવન જીવીને પેન્શનની આવક બીજી બચત વગેરે ખૂબ જ મહેનત અને પરિશ્રમથી આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરી હોય છે. આમ, તેઓ વૃદ્ધાવસ્થામાં સાધન સંપન્ન થયા હોય છે, પરંતુ કરુણતા એ છે કે તેમની આ મૂડીનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉપયોગ કરે ત્યારે સંતાનો- વારસદારોની નારાજગી જોવા મળે છે વૃદ્ધાવસ્થામાં સૌથી મોટી ચિંતા પરાવલંબી થઈ જવાની હોય છે. ઘરની બહાર જવામાં કે રોજિંદા કાર્ય કરવામાં શરીર અને મન સાથ નથી આપતા ત્યારે વડીલો તીવ્ર નિરાશાનો અનુભવ કરે છે.

એક દ્રષ્ટિએ જોઈએ તો વૃદ્ધો માટે સંતાનો અને પરિવારની હુંફ જેવું સુખ અન્ય ક્યાંય નથી, પરંતુ વડીલોએ પણ સમય પ્રમાણે પોતાના દુરાગ્રહો અને પૂર્વગ્રહો છોડીને અન્યની મદદ મેળવવા માટે જરૂરી સંયમ વિવેક અને શાંતિ રાખવાનું શીખવું જ પડશે. ઉંમરલાયક શબ્દમાં 'લાયક' નો અર્થ એટલો જ થઈ શકે કે ઉંમરને લગતા પ્રશ્નો વડીલોએ સ્વીકારી શાંતિ ગુમાવ્યા વિના ધીરજ અને સહનશક્તિ વિકસાવીને મુશ્કેલીઓના સમાધાન પૂર્વક સામનો કરવો જોઈએ. વૃદ્ધાવસ્થામાં કેવી રીતે જીવવું એ બાબતમાં ખૂબ જ સલાહ સૂચન આપવામાં આવે છે. તમારી ઉંમર લગભગ ૮૦ વર્ષની થાય ત્યારે તમારી પાસે ઘણી બાબતોનો અનુભવ, માહિતી ને જાણકારી હોય છે પરંતુ મુશ્કેલી એ છે કે આ બધું કઈ રીતે યાદ કરવું? લાંબુ જીવન જીવવા માટે સ્વાસ્થ્ય સારું હોય તો વૃદ્ધાવસ્થા જેવું લાગે નહીં પરંતુ શારીરિક તકલીફોને લીધે જ વૃદ્ધાવસ્થા અનિવાર્ય લાગે છે. આપણી ઉંમર તો આપમેળે વધતી હોય છે, માટે કહેવાય છે કે, "જિંદગીની કરુણતા એ છે કે તમો ખૂબ ઝડપથી વૃદ્ધ થાવ છો પરંતુ ડહાપણ પ્રાપ્ત કરવામાં ખૂબ સમય લાગે છે." માટે વડીલોએ ઉંમરનો હિસાબ વર્ષોમાં નહીં પરંતુ મિત્રોની સંખ્યામાં ગણો. જીવનનું મૂલ્યાંકન સ્મિત અને શાંત ચિત્તથી કરો અશ્રુઓથી નહિ. આજની પરિસ્થિતિ જોતાં આપણને ઘણું ન ગમતું હોય પણ સાથે સાથે સાંપ્રત સમસ્યાઓ ઉકેલવા માટે સૌનો સહિયારો પુરુષાર્થ જરૂરી છે, જે વડીલોએ સમજવું જોઈએ. સંતાનો તેમની કારકિર્દી માટે વિદેશ જતા હોય અને માતા પિતા ત્યાં જવામાં ખુશ ન હોય તેવા સંજોગોમાં સામાજિક સંસ્થાઓની કાળજી દેખરેખ ખૂબ આશીર્વાદરૂપ બને છે. પરદેશમાં 'કેર હોમ' ગુડ નાઈટ સરકાર દ્વારા સારી એવી રકમ આપીને આવી સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત વડીલોની માવજત થાય એવી વ્યવસ્થા કરવામાં આવી છે.

ભારતમાં પણ અમુક શહેરોમાં રાહત દરે તેમજ ફી લઈને સ્વૈચ્છિક સંસ્થાઓ વડીલોને ઉત્તમ સવલતો પૂરી પાડે છે પરંતુ જરૂર છે ગરીબ નિરાધાર બીમાર અને તરછોડાયેલા વયસ્કોની કાળજી માટેની વ્યવસ્થા ગોઠવવાની. ધારાસભ્યો, સાંસદોએ પણ આ દિશામાં કાર્ય કરવું ઘણું જરૂરી છે.

જોકે વૃદ્ધાશ્રમ કે કેરહોમ સમાજ માટે અભિશાપ છે.. બાળકોને કુટુંબ ભાવનાના સંસ્કાર, લાભ અને પ્રેમની હૂંફ આપી ઉછેરિયે કે જેથી તેની જરૂર જ ન રહે.

સંકલન : ડાકોરભાઈ ત્રિવેદી, રાજકોટ.

rj.goswami007 મોર્નિંગ મ્યુસિંગ્સ:
ફેસબૂક મિત્ર મહેશ્વરી જોષી પૂછે છે, "આજની યુવા પેઢી 'જિંદગી ન મિલેગી દુબારા,' એટલે કે 'આનંદ કરતા રહો'ના એકમાત્ર ઉદ્દેશ્યથી જીવે છે. બાકી બધી બાબતોથી બેપરવા. યુવાઓ માટે આ સિવાયની જિંદગી શું છે? આવી માનસિકતા કેમ છે?"

મૂળ તો આ સુખવાદનો પ્રભાવ છે. માણસ તેની વૃત્તિઓ અને ઇન્દ્રિયોથી ભોગ-વિલાસ કરવાવાળો છે. પરંતુ તેના માટે મહેનત પણ કરવી પડે. જીવન જ્યારે અભાવો વચ્ચે હતું, ત્યારે માણસની સૌથી પહેલી પ્રાથમિકતા જીવન ટકાવી રાખવાની હતી, આનંદ લેવાની નહીં.

આજે ફરક એ આવ્યો છે કે સમાજનો એક મોટો વર્ગ પૈસે-ટકે સુખી થયો છે. એક સમાજ કે એક વ્યક્તિ જ્યારે સંપન્ન થવા લાગે ત્યારે તે વિલાસમાં લપસી પડે છે. જ્યારે તમારી પાસે સુખ-સુવિધા આવી જાય અને મહેનત કરવાની કે ભવિષ્યની ચીંતા કરવાની મજબૂરી ના રહે, ત્યારે સ્વાભાવિક રીતે જ તમે ઇન્દ્રિયોને પ્રસન્ન કરવામાં વ્યસ્ત થઈ જાવ. ઇતિહાસમાં ઘણા સમાજોમાં આવું થયું છે. વર્તમાનમાં પશ્ચિમની પેઢી આવા ભૌતિકવાદમાંથી પસાર થઈ રહી છે, અને એ સંસ્કૃતિ આપણે ત્યાં પણ આવી રહી છે.

આજે એશોઆરામ વધ્યા છે, સાધનો વધ્યાં છે, ભૌતિક સંસ્કૃતિ તગડી થઈ છે. સૌનો ધ્યેય મોજ-મસ્તીનો છે. ઉદેશ્ય બદલાઈ ગયો છે. પહેલાં જીવનને સાર્થક રીતે, ઉપયોગી બનીને, કરકસરથી જીવવા પર ભાર હતો. આજે ભૌતિક ક્ષમતાઓ વધી છે એટલે મજા કરી લેવા પર ભાર છે.

મજા કરવી ખરાબ નથી, પરંતુ તે જવાબદારીઓ સાથે સંતુલિત થવી જોઈએ. જીવનમાં સાર્થકતા, હેતુ, પ્રગતિ, મૂલ્યો અને યોગદાન જેવી બાબતો પણ અગત્યની છે.

આપણે માત્ર સ્વાર્થની પૂર્તિ કરવા માટે નથી જીવતા, પરંતુ સંતોષી અને શાંતિપુર્ણ જીવનની તલાશ પણ કરીએ છીએ. જે વ્યક્તિ તેનાં અંગત લક્ષ્યો અને આદર્શો માટે જીવતી હોય, તે ખાલી મજા કરવા વાળું જીવન ના જીવે. આપણે ઇન્દ્રિયોમાં જીવતા પશુ નથી, આપણે દિમાગથી જીવતા મનુષ્યો છીએ. સંયમિત અને સંતોષી જીવન જીવવાનું વરદાન માત્ર મનુષ્યને જ છે. એટલે દિલ અને દિમાગ બંનેની સમાન જુગલબંધી સાથે જીવવુ જોઈએ.

## ABM TRAVELS

Discover your choice of destination in 2025,we will make customized tour plan as per your requirement with choice of selected hotels/resorts, top conditioned AC vehicles with courteous drivers and lots of sightseeing for your comfortable and stress free holidays.

Shimla /Manali /Dalhousie /
Dharamshala Amritsar /VaishnoDevi
Ladakh /kashmir /Nainital /Corbet/
Mussoorie /Darjeeling Gangtok/ Ooty /Coorg
Kodaikanal kerala/ Lakshadweep
Andaman/ Guwahati/ Shilong /Kaziranga
Rajasthan/ MP /Goa south India /
Nepal/ Dubai /Singapor/
Thailand /Malaysia/ Bali /
Maldives/ Mauritius/ Vietnam/
Religious places and many more.

**Avinash Mehta - 9820817318**

abmtravels@gmail.com




કાર્ટૂનિસ્ટ : રમેશ બૂચ

મટુલાલ :...કેમ ગટુલાલજી! હમણાં હમણાં તમો દરરોજ ફરવા આવતા લાગો છો...!

ગટુલાલજી : હા, હમણાં હું દરરોજ વ્હેલી સવારના ફરવા આવું છું...દાક્તર કહે છે કે, 'ચરબી બહુ સારી નહિ, ચરબી ઘટાડવા માટે તમારે નિયમિત ફરવા જવું જોઈએ...' અને તમો પણ શું દરરોજ ફરવા આવો છો...?

મટુલાલ : હારે ભાઈ, શું કરું ! મારા દાક્તર મને કહે છે, કે, 'તમારે ચરબીની જરૂર છે...સવારના ફરવા જવાનું રાખો,' તેથી હું પણ આવું છું...!

rj.goswami007 મોર્નિંગ મ્યુસિંગ્સ:

આપણી સાથે બનતી બાબતોને પર્સનલી લઈને દુઃખી ના થવું હોય, તો આ દસ વાતો યાદ રાખવી:

૧. આપણે આપણી ભૂલો કે બીજાઓની ટીકાઓનો સરવાળો નથી. આપણે માત્ર માણસ છીએ.

૨. આપણું મૂલ્ય આપણે જ કરીએ શકીએ. તે બીજા લોકોના અભિપ્રાયો પર નિર્ભર નથી.

૩. કોઇ વ્યક્તિ ઉદ્ધતાઈ કરે, તો તેનો સંબંધ આપણી સાથે ઓછો, અને તેની આંતરિક સમસ્યા સાથે વધુ હોઈ શકે.

૪. ટીકાને સકારાત્મક રીતે લેવાનું રાખવું અને તપાસ કરવી કે એમાં કોઈ સચ્ચાઈ છે કે નહીં

૫. લોકોના વ્યવહારનું વિશ્લેષણ કરવું: પેલો કે પેલી મારી સાથે કેમ ના બોલી? શરમાળ હશે? અસલામત હશે?

૬. આપણી આસપાસની દરેક વ્યક્તિને ખુશ નથી કરી શકતા. એવો નિરર્થક ભાર ના રાખવો.

૭. આપણી જગ્યાએ બીજી વ્યક્તિ હોત, તો તે તેણે આ સ્થિતિને કેવી રીતે જોઈ હોત? એવું વિચારતા રહેવું.

૮. જાતને બેનિફિટ ઓફ ડાઉટ આપતા રહેવું. બધું આપણને સમજ પડે જ છે એવું ના પણ હોય.

૯. હું જેવું વિચારું છે તેના કરતાં જુદો દૃષ્ટિકોણ શું હોઈ શકે? એવું વિચારતા રહેવું.

૧૦. પોતાની લગણીઓથી, ખાસ કરીને નકારાત્મક લાગણીઓથી, વખતો વખત અંતર કરીને તેની યોગ્યતા તપાસી લેવી.


**નારાયણબલી તથા માતૃશ્રાદ્ધ માટે નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર સુધીરભાઈ ચંદ્રશંકર શુક્લ ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં, સિદ્ધપુર(પાટણ)**

**ફોન : ૦૨૭૬૭-૨૨૧૯૩૫**

**મો. ૯૮૨૪૩૧૧૬૦૯/૯૪૨૮૫૫૩૧૨૬**


કુરિયર/ટપાલમાં નીચેના સરનામે આ મેગેઝીન ડિલીવર ન થાય તો ફાઈન આર્ટ /IBiz, કોટેચાનગર મેઈન રોડ,કોટેચા સ્કૂલ બિલ્ડીગ, રાજકોટના સરનામે પાછું મોકલશો.

**BOOK POST**


તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ,રાજકોટ.